# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૨ તા.૨૧-૯-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે આપણે સૌ જાણીએ છીએ તેમ ગરવી ગુજરાતની ગરિમા સમા ગરબાનું આપણાં જીવનમાં અનેરુ મહત્ત્વ છે. ગુજરાતના રાસ-ગરબા તો માત્ર ભારતભરમાં નહીં પણ દેશ-વિદેશમાં પણ પ્રખ્યાત છે. ગુજરાતની આ અનોખી સંસ્કૃતિની પરંપરા ચાલુ રહે તે માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ આપણી શાળાઓ માટે 'ગરબા મહોત્સવ' નિમિત્તે રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉચ્ચ પ્રા.શાળાઓએ પોતાના ગરબાની એન્ટ્રી બીટ સુપરવાઈઝરશ્રીને કરાવવાની રહેશે. બીટ કક્ષાની સ્પર્ધા બીટનિરીક્ષકશ્રીના જણાવેલ સ્થળે અને સમયે થશે. બીટ સુપરવાઈઝરશ્રીએ બીટમાં પસંદ થયેલ ત્રણ ગરબાની નોંધ આસિ.એ.ઓ.શ્રીને કરાવવાની રહેશે. ઝોનકક્ષા સ્પર્ધા તા.૩૦-૯-૧૬ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળે યોજાશે.

| ક્રમ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૧ | પૂર્વ | ખોખરા-૨ |
| ૨ | પશ્ચિમ | મહાત્મા ગાંધી શા.૨ |
| ૩ | ઉત્તર | સૈજપુર-૬ |
| ૪ | દક્ષિણ | કાંકરિયા-૮ |
| ૫ | હિન્દી | ખાડિયા-૨ |

શહેર કક્ષાની ગરબા સ્પર્ધા તા.૬-૧૦-૧૬ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે સવારે ૮-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રાસ-ગરબા સ્પર્ધાના નિયમો નીચે મુજબ છે.

**નિયમો :-**

૧ રાસ-ગરબાની સ્પર્ધામાં ધો.૬ થી ૮ની બાળકો ભાગ લઈ શકશે.

૨ રાસ-ગરબાનો સમય વધુમાં વધુ ૮ મિનિટનો રહેશે.

૩ વધુમાં વધુ ૧૬ બાળકો ભાગ લઈ શકશે.

૪ રાસ-ગરબો ગવડાવવા માટે વધુમાં વધુ ૪ બાળકો રાખી શકાશે.

૫ વધુમાં વધુ ચાર વાજીંત્રો રાખી શકાશે.

૬ ગરબાની સીડી વગાડી શકાશે નહિ. શિક્ષક મિત્રો ગરબા ગાઈ શકશે નહિ.

૭ બીટ કક્ષાની સ્પર્ધામાં વિજેતા થનાર શાળાએ ગરબાના શબ્દો, વિદ્યાર્થીઓના નામની યાદી, તૈયાર કરનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબરની કોમ્પ્યુટરાઈઝડ કોપી આપવી.

**ગુણાંકનઃ-**

| રાસ-ગરબાની અભિનય કળા | પહેરવેશ | તાલ સાથે સુમેળ | સમયપાલન | એન્ટ્રી-એક્ઝીટ | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫૦ |

આ સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ત્રણ કૃતિને વિદ્યાર્થીદીઠ ક્રમશઃ રૂ. ૨૦૦/- ,રૂ.૧૭૫/- અને રૂ.૧૫૦/- રોકડ પુરસ્કાર તેમજ શિલ્ડ એનાયત કરવામાં આવશે.શહેર કક્ષાએ રાસ-ગરબામાં ભાગ લેનાર, રાસ-ગરબો ગાનાર, વાજીંત્ર વગાડનાર બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

તા.૨૧-૯-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી